ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ભરબજારે પુષ્પ દે છે હાથમાં,
એમને રસ હોય છે ચકચારમાં !
એમના મોઘમ ઇશારાની અસર,
જીવ ઝળહળ થઇ ગયો એકાંતમાં !

- મધુમતી મહેતા

### પાથેય

- રમેશ ઠક્કર

## જીવનો જલસો

પ્રેમનું ગણિત અટપટું છે.કેટલાક ઈશારા રમ્ય હોય છે.ક્યારેક સીધી લાગતી કોઈ સામાન્ય બાબત જ્યારે સ્નેહનો લેપ પામે છે ત્યારે એનો અલગ અંદાજ બની જાય છે..જીવ મળવાની એક ઘટના જીવનભરનો આધાર બની જતી હોય છે.કેટલીક બાબતો એવી હોય છે જે છૂપાવી શકાતી નથી..પ્રેમ પોતે જ પોતાની ઓળખ આપી દેતો રહે છે..છુપાઈને એકબીજાને મળવામાં આનંદ છે..પરંતુ પ્રેમની વાત વાયરે ચડી વાલમના બોલ ગાઈ લેતી હોય છે..ભરબજારે બધાની વચ્ચે કોઈ ફુલ ધરે એ બાબત સમયાંતરે જો ચકચાર ના બને તો જ નવાઈ ! મેળામાં ચગડોળે ચડેલાં બે ચિત્ત અને એની કથાઓ આપણા સાહિત્યમાં હંમેશાં લોકપ્રિય રહી છે..મેળા જેવું જાહેર પ્લેટફોર્મ પ્રેમીઓ માટે બીજું કોઈ ના હોઈ શકે!

બહારના વૈભવનો ઝગારો આપણને અમુક સમય સુધી જ ઝંકૃત કરી શકે છે..માણસને ભીતરથી તરબતર કરી જાય એવો પદારથ સ્નેહ છે..એની અભિવ્યકિત અલગઅલગ હોઈ શકે..કયારેક મુખર બનતા વાર્તાલાપ કરતાં એકાદ મોઘમ ઈશારો એકમેકને વધારે પ્રગાઢતાનો અનુભવ કરાવી જાય છે..માણસ દેહના આકર્ષણથી જ નથી જીવતો એની અંદરનો જીવ એને જીવાડે છે..જીવને તરસ હોય છે નેહની..સ્નેહ નીતરતી કોઈ આંખની..એ ઝંખે છે કોઈ અગમ્ય એહસાસને..એટલે જ એકાદ ગર્ભિત સંકેત મળે તો પણ બત્રીસે કોઠે દીવા ઝગમગી જતા હોય છે ! કોઈકનો નિર્વ્યાજ પ્રેમ પ્રાપ્ત થાય એ ઈશ્વરના સાક્ષાત્કાર કરતાં જરા પણ કમ નથી..ગોઠવાયેલા સંબંધો એ ફલાવરવાઝના ફુલો જેવા છે..એ ડ્રોઈંગરૂમના ડેકોરેશન જેવા હોઈ શકે..સાચા સંબંધ વગડાઉ ફુલો જેવા હોય છે..જે સહજતાની ધરતી ઉપર પનપે છે..દેહની માફક સંબંધોમાં પણ સ્થુળતા આવી જાય છે..ત્યારે એમાં અણગમાનું અદોદળાપણું અનુભવાય છે.. એને આત્મીયતાની એક્સરસાઈઝથી ફીટ રાખવા પડે છે..સંબંધો એ ઝાકળ જેવા હોય છે એવું તમે ઉચ્ચ પદો કે સફળતા પછીના બદલાતા સમયમાં અનુભવી શકો..

નિષ્ફળતાનો ઓછાયો જયાં દેખાય ત્યાં જ મોટાભાગના સંબંધોનું બાષ્પીભવન થઈ જાય છે..ચંદ્રકાંત બક્ષી ના શબ્દો માં કહીએ તો 'જે હસી ને મળતા હતા એ, હવે મળીને હસે છે.." પણ એવું કહેવાય છે કે આ બધા પછી જે ટકે છે એ સંબંધ નું સાચું સ્વરૂપ હોય છે..એનો અર્થ એ થાય કે જયાં સુધી જીવનની તડકીછાંયડીનો અનુભવ ના થાય સંબંધોની માયાજાળ સમજવી મુશ્કેલ હોય છે..જે માણસ સંબંધને અકબંધ રાખી શકે છે એને બાકી કોઈ પ્રબંધની જરૂર પડતી નથી...માનવ સંબંધો મીણ જેવા મુલાયમ હોય છે. એને ઓગળી જતાં વાર નથી લાગતી...એને ઉષ્માસભર હુંફાળું આવરણ અકબંધ રાખી શકે છે..

સ્નેહ સંબંધની એક આગવી સુવાસ હોય છે...નીતરેલા નીર જેવા સંબંધોની તાજગી અનુપમ હોય છે.વર્ષો સુધી એકધારા અકબંધ રહેતા રિલેશન પણ એક અજાયબી જેવા હોય છે...સંબંધ એટલે જતું કરવાની કળા...રિલેશન એટલે સેલ્ફ પ્રમોશન નહીં પણ નિર્દોષ ઈમોશન...અન્ય માટેની ઉદારતા એ સંબંધો ના વિકાસની પુર્વભુમિકા છે...સંબંધોની અનેક પેટર્ન છે...ડિઝાઈન છે..લે આઉટ છે..પણ એનો આત્મા એ કેવળ વિશ્વાસ હોય છે.

# મહારાષ્ટ્રનું કોકડુ ગુંચવાય છે

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય જનતા પાર્ટીના વાજપેયી - અડવાણી યુગના નેતૃત્વકાળમાં સામા પક્ષને જડમૂળથી નાબૂદ કરી દેવાની માનિસકતા નહોતી. એ વખતે અડવાણી જરૂર થોડા અક્કડ લાગતા પરંતુ સર્વોચ્ચ નેતા તરીકે વાજપેયી ઘણા ઋજુ અને વિરોધીઓનો પણ સમાદર જાળવનારા હોઈ તદ્દન સામી વિચારધારા ધરાવનારનો પણ લોકતાંત્રિક ઢબે સ્વીકાર કરતા હતા. એથી એમને આજના કટ્ટર ભાજપ વિરોધી નેતાઓ પણ સહકાર આપતા હતા. બલકે એમનું નેતૃત્વ સ્વીકારમાં ગૌરવ અનુભવતા હતા. લાલુ યાદવ, માયાવતી, શરદ પવાર, મુલાયમસિંહ, મમતા બેનરજી એક યા બીજી રીતે એમની સાથે સંકલાયેલા રહેતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં કડક રાજનેતાનું વિશિષ્ટ લક્ષણ ગણાતી 'કિલિંગ ઈન્સ્ટિક્ટ' છે. તેઓ નામનોય વિરોધ જીરવી શકતા નથી. શિવસેના ભારતીય જનતા પાર્ટી કરતાં પણ કટ્ટર હિંદુત્વવાદી પાર્ટી તરીકે જાણીતી છે. બાળાસાહેબ ઠાકરેની આંગળી પકડીને કોંગ્રેસના પરંપરાગત ગઢ જેવા મહારાષ્ટ્ર અને મુંબઈ મહાનગરમાં ભારતીય જનતા પાર્ટીએ એન્ટ્રી કરેલી તે કોણ નથી જાણતું? બાળાસાહેબ ઠાકરેની એવી જબરદસ્ત ધાક ઊભી થઈ હતી કે એમને છંછેડવાની હિંમત તત્કાલીન કેન્દ્ર સરકાર કે મહારાષ્ટ્રની કોંગ્રેસી સરકાર કરી શકતી નહોતી. બોલીવુડના ચમરબંધી સુપરસ્ટાર્સથી લઈ મુંબઈના ઉદ્યોગપતિઓ - ધનકુબેરો અને અંડરવર્લ્ડ સાથે સંકળાયેલા દાણચોરો સુધ્ધાં એમના નામથી થરથરતા રહેતા. બાળાસાહેબ મન ફાવે એવાં નિવેદનો કરતા, મહાત્મા ગાંધીને રાષ્ટ્રપિતા માનવાનો ખુલ્લો વિરોધ કરતું કડવું સ્ટેટમેન્ટ આપતા તો પણ એમની વિરુદ્ધ કોંગ્રેસના તત્કાલીન ધુરંધરો હરફ પણ ઉચ્ચારતા નહોતા. બાળાસાહેબ ઠાકરેનો પ્રભાવ તો જુઓ ! મનોહર જોષી શિવસેનાના સાંસદ હતા કે જેમને કેન્દ્ર સરકારની સંસદમાં લોકસભાના સ્પીકર તરીકેનું પદ અપાતું હતું. ભાજપ માટે શિવસેના સાથેનું ગઠબંધન વિચારધારાની સમાનતાને કારણે 'નેચરલ' હતું. અત્યારે એ જ શિવસેના ભારતીય જનતા પાર્ટીના નેતાઓ માટે સૌથી મોટી શિરોવેદનાના સાબિત થઈ રહી છે. ગઠબંધન કરીને ચૂંટણી લડવા સહમત થનાર હિંદુત્વવાદી પાર્ટીઓ એકમેકનો એકડો કાઢી નાખવા મથી રહી છે. ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી પદ આપવા ભાજપ તૈયાર ન થયું જેનો કુનેહપૂર્વક મહારાષ્ટ્રના વરિષ્ઠ રાજપુરુષ શરદ પવારે ફાયદો ઉઠાવી લીધો અને કોંગ્રેસને પણ સાથે રાખી મહારાષ્ટ્રમાં અઘાડી સરકાર બનાવી. આ એક ગળે ન ઊતરે એવું કજોડું હતું છતાં ઘરસંસારમાં ઘણી વાર નભી જાય છે એમ એ આજપર્યંત નભ્યું છે. વચ્ચે વચ્ચે ચણભણ થતી રહી પરંતુ શરદ પવારે ઘીના ઠામમાં ઘી પડી રહે એવાં સમાધાન કરાવીને અઘાડી સરકારને ઈંધણ પૂરું પાડ્યું છે. અત્યારે એ પરિસ્થિતિ સરજાઈ છે કે હવે ભારતીય જનતા પાર્ટી શિવસેનાના નેતૃત્વવાળી સરકારને યેનકેન પ્રકારેણ ઘરભેગી કરવાનું મન બનાવી બેઠી છે. બંગાળમાં ચૂંટણી પૂર્વે મમતા બેનરજીને ૩૫૬મી કલમ લગાડી ઉઠાવી મુકાયાં હોત તો કદાચ ભાજપને આટલો માર પડ્યો ન હોત એવું કેટલાકનું ગણિત હોઈ શકે. ઉદ્ધવ ઠાકરે અને એમના પ્રવક્તા સંજય રાઉત હવે ભાજપના કટ્ટર વિરોધી તરીકે ઊપસી આવેલ છે. શરદ પવાર માટે એમની કહેવાતી બિનસાંપ્રદાયિક પાર્ટીને મહારાષ્ટ્ર પૂરતી પણ સક્રિય રાખવા માટે હવે શિવસેના સાથેનું ગઠબંધન અનિવાર્ય બની રહ્યું છે. ભાજપ અઘાડી સરકારની આ 'બિન સાંપ્રદાયિકતા'ને મુસ્લિમોના તુષ્ટિકરણમાં ખપાવી અજાન વિરુદ્ધ હનુમાન ચાલીસા ઝુંબેશ શરૂ કરનાર ભાજપ તથા ભાજપની બી-ટીમ જેવી રાજ ઠાકરેની મૃતપ્રાય બની ગયેલી મહારાષ્ટ્ર નવનિર્માણ સેના તેનાથી બનતા બધા જ હથકંડા અપનાવી પ્રદેશમાં અશાંતિનું વાતાવરણ ઊભું કરી રહી છે. 'અપક્ષ' રાણા દંપતિ હકીકતમાં તો મોદીની ગુડબુકમાં રહેવા જ ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાન માતોશ્રી આગળ હનુમાન ચાલીસાનો પાઠ કરવા પહોંચી ગયું હતું. શિવસૈનિકોએ વળતો જવાબ આપી એને ઘેરાબંધી કરી અને અંતે બેઉ પતિપત્નીની ધરપકડ કરાઈ છે. ભાજપના ઈશારે ચાલતી આ પ્રવૃત્તિમાં કયાંકમ મોંઘવારી, બેરોજગારી કે વિકાસ જેવા મુદ્દા નથી. એણે હનુમાનને હથિયાર બનાવી એના કરતાં પણ વધુ કટ્ટર હિંદુત્વવાદી પાર્ટીનો ઘડોલાડવો કરવાનો પુરુષાર્થ આદર્યો છે. ભાજપના મોદીભક્ત રાજ્યપાલ ઉદ્ધવ ઠાકરેની અઘાડી સરકારને ગમે તે ક્ષણે ઘરભેગી કરવાના કારસામાં સામેલ છે. વેઈટ એન્ડ વોચ!

## યોગીરાજ આનંદઘનના પદો વાંચનાર - સાંભળનાર - સમજનારને આનંદની આત્માનુભૂતિ થાય છે...




અવધૂ.... એટલે સન્યાસ આશ્રમમાં રહેવાવાળો, પરિવ્રાજક, સંન્યાસી.... જોડણી પ્રમાણે જોઈએ તો અ + વધૂ અર્થાત્ જે એકલો હોય...

અવધૂ એક સંબોધન છે, આ સંબોધન સાથે જોડીને જૈન ધર્મની એક ભક્તિ નિમિત્તે આનંદની આત્માનુભૂતિને અનુભવવાનો અવસર મને મળ્યો ને આનંદ આનંદ થયો.

ગાયક-લેખકને સ્વરકાર દોસ્ત આશીષ મહેતા સાથે છેલ્લા બે કરતા વધુ વર્ષોથી જૈન મુની અને કવિ શ્રી આનંદધવનજીના પદો પર આધારિત એક ભક્તિ કાર્યક્રમ વિશે વાત થઈ રહી છે. એનો શુભારંભ કદાચ આ ભક્તિથી થયો.

વ્યક્તિને પોતાને આનંદની અનુભૂતિ થાય એની અભિવ્યક્તિ એટલે આત્માનુભૂતિ. થોડું રિસર્ચ કરતા જે જાણકારી મળે છે. તદઅનુસાર આનંદઘન ૧૭મી સદીમા થયા હતા. જન્મ રાજસ્થાનમાં થયો, બચપણનું નામ લાભાનંદ... માઉન્ટ આબુ, જોધપુર, ગુજરાતમાં વિશેષ રહ્યા. યશોવિજયજી સાથે મિલન થયું. બે મહાપુરુષોનું એ દિવ્ય મિલન હતું, એ સંદર્ભે એક પદમાં આનંદ ધન લખે છે,

આનંદઘન કહે જન સુનો બાતાં,
યેહી મીલે તો મેરો ફેરો ટલે...

જેમણે આત્માનુભૂતિ કરી છે

એવા એક અવધૂ બીજા એક જ્ઞાનીને હિતશિક્ષા આપી રહ્યા હશે એ કેવી દિવ્ય પળ હશે.

એમના દ્વારા રચિત આનંદઘન ચોવીસી દાર્શનિક ગ્રંથ છે. જેમાં ૨૪ સુક્ત હોય... મહાત્મા ગાંધીએ આશ્રમ ભજનાવલીમાં આનંદઘનનું એક પદ સામેલ કર્યું છે.

રામ કહો, રહેમાન કહો કોઉ,
કાન કહો મહાદેવરી,
પારસનાથ કહો કોઉ બ્રહ્મા,
સકલ બ્રહ્મ સ્વયમેવરી...

આનંદઘન કહે છે, રામ એ છે જે સ્વ-સ્વરુપમાં રમણ કરે છે, રહેમાન એ છે જે બીજા પર કરુણા કરે છે, કૃષ્ણ એ છે જે કર્મોનું કર્ષણ કરે છે, મહાદેવ એ છે છે જે નિર્વાણ પ્રાપ્ત કરી ચૂક્યા છે, પાર્શ્વનાથ એ છે જે બ્રહ્મરૂપનો સ્પર્શ કરે છે, જેને બ્રહ્મની અનુભૂતિ થાય છે એ જ બ્રહ્મ છે.

એમના મત અનુસાર આત્માર્થી સાધક કોઈ પ્રકારની કામના નથી કરતા, કારણ કે જયાં કામના આવે છે ત્યાં સ્વાધીનતા નથી રહેતી. આત્માને સાધ્ય એવો અલૌકિક, આધ્યાત્મિક આનંદ છે જે પૂર્ણ છે, શાશ્વત છે.

એક પદમાં આનંદઘન કહે છે,

અનુભવ અગોચર વસ્તુ હેરે,
જાનવો એહીરે લાજ,
કહન સુનન કો કછું નહીં પ્યારે,
આનંદઘન મહારાજ

ગુરુકૃપાની અનુભૂતિ જેને થઈ હોય એ જ જાણે, સામાન્ય રીતે શિષ્ય ગુરુનો હાથ ઝાલે પણ પરાકાષ્ઠા ત્યારે આવે જયારે અનાયાસ - સહજપણે શિષ્યરુપી પથ્થરમાં એક અદ્ભૂત શિલ્પ કંડારી આપે છે,

પ્રેમલક્ષણા ભક્તિમાં સાધક પોતાને પ્રેમીને પરમાત્માને પ્રિયતમ માને છે. આનંદઘન કહે છે.

ઋષભ જિનેશ્વર પ્રીતમ મ્હારે,
ઔર ન ચાહું રે કંત,
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે રે
ભાંગે સાદિ અનંત.

એક ભક્તિ પદમાં સ્વને જે લય લાગી છે તુહી તુહી સાથે તાર જોડાયો છે એની વાત કરતા આનંદઘન લખે છે.

હમારી લય લાગી પ્રભુ નામ,
કોઈ કબીરા, કોઈ મીરાં,
ગાવત આતમરામ...
આબુ કી ચોટી પર પહુંચા,
ફટ ગઈ પૈરકી ચામ,
આખિર એક ગુફા જા બૈઠા,
હો ગઈ નીંદ હરામ...

આનંદઘનના પદોના ગાયનનો કાર્યક્રમ યોજાયો તેનું નિમિત્ત હતું મુમુક્ષ પ્રીન્સીબેન દિલીપભાઈ દોશીની પ્રવજ્યા ગ્રહણ... દીક્ષા ગ્રહણ નિમિત્તે હિતશિક્ષાના પદોમાં કલાકારો અને શ્રોતાઓ એકાકાક થયા. અશ્વીનભાઈ બાબુબાઈ અદાણી પરિવારના નિમંત્રણથી સહુ ભક્તિમાં ભાવસભર બન્યા.

આનંદઘના કયારેક અવધૂને સંબોધીને સ્યાદવાદની વાત કરે છે તો કયારેક સચ્ચિદાનંદ સ્વરુપની ઓળખ કરાવે છે. તેઓ લખે છે, 'અમે તો આનંદના સમુહરુપી ચૈતન્યમય મૂર્તિ છીએ.' યોગીરાજ આનંદઘનના પદો વાંચનાર - સાંભળનાર - સમજનારને આનંદની આત્માનુભૂતિ થાય છે... આનંદની યાત્રા અને યાત્રામાં આનંદ જાણે એકાકાર થાય છે. આપણી અંદર પણ જયારે જયારે આત્માનુભૂતિના દીવડા પ્રગટે છે ત્યારે ત્યારે શુદ્ધ સમજણના અજવાળા રેલાય છે.

### દિન મહિમા

- વિશ્વ બૌદ્ધિક સંપદા દિન
- હસિત બૂચની જન્મજયંતિ, ગુજરાતી કવિ, નવલકથાકાર અને વાર્તાકાર.
- ૧૯૬૨ - નાસાનું રેન્જર-૪ અવકાશયાન ચંદ્ર પર તૂટી પડ્યું.
- શ્રીનિવાસ રામાનુજનની પુણ્યતિથિ, ભારતીય ગણિતશાસ્ત્રી.

### આજનું ઔષધ

- ગાજરને વાટી તેમાં થોડું મીઠું નાખી ગરમ કરી ખરજવા ઉપર બાંધવાથી ખરજવું મટે છે.

### ખડખડાટ

- ગુજરાતી વધાર
એક ગુજરાતી આંટી એ સાંજે ડોમીનોઝમાં ફોન કર્યો.
ડોમીનોઝ : હેલો, હું તમારી શું સહાયતા કરી શકું ?
આંટી : એલા ઘરે પિત્ઝા કેમ બનાવાય ?

### આજનો વોટ્સએપ

- માણસ તેનું વલણ બદલીને પોતાનું ભવિષ્ય બદલી શકે છે.

# મારી પાસે દુનિયા છે, પણ દૈવતના દેશના અમિયલ દષ્ટિના દિવા ક્યાં છે ?




મારા માથે આકાશ છે, પણ મારું આકાશ ક્યાં છે ?
સૌના મુખે ભાષા છે, પણ મારી ભાષા ક્યાં છે ?
મને શોધ છે –
મારા નામે અંકિત થાય તેવા સર્જનાત્મક સમયની;
મને શોધ છે –
મારા કામને કોળાવી દે એવા વિસ્મયની;
મારી પાસે પગલાં છે,
પણ એના માટે જાગતો-ઝૂરતો રસ્તો ક્યાં છે ?
મારો પંડનો પડછાયો છે,
પણ એની ખબર લે એવો ઓલિયો-ફિરસ્તો ક્યાં છે ?
મને શોધ છે –
મારા અવકાશને કલ્લોલાવે એવા કલરવની;
મને શોધ છે –
મને પાંખાળો કરે એવા પવનના પનોતા પદરવની;
મારી પાસે દરિયો છે,
પણ તળિયાના તેજના મનમોજી મરજીવા ક્યાં છે ?
મારી પાસે દુનિયા છે,
પણ દૈવતના દેશના અમિયલ દષ્ટિના દિવા ક્યાં છે ?

- ચંદ્રકાન્ત શેઠ

આ સમયે તદ્દન નવા સમીકરણો સાથે નવા આયામો અને નવા જ પ્રકારના અનુભવો સાથે જ જીવવાનો આવ્યો છે. અત્યારે શારીરિક નહીં પરંતુ માનસિક રીતે વ્યથિત કરી દેતી પરિસ્થિતિઓ હર એક પરિવારમાં એક યા બીજા કારણોસર ઉદ્ભવી રહી છે. દેખીતા કારણો અલગ અલગ હોઈ શકેજેમકે, કોઈ જગ્યાએ શારીરિક એટલે કે બીમારીનું કારણ હોય તો વળી બીજી જગ્યાએ આર્થિક કારણો હોય સામાજિક કારણો હોઈ શકે. અત્યારે સંબંધો કસોટીની એરણે ચઢયા છે, તો વળી પૈસા અને તેના દ્વારા ઉદભવતા ગરજાઉ સપાટી ઉપરના સગાઓ કે જે વહાલાઓ નથી તે ઓળખાઈ રહ્યા છે. અત્યારૈ દ્વદ્બેહૈંઅ જઅજીદ્ઘ વધારવા માટેના ઘણા ડોશી વૈદ્ય બજારમાં મળે છે પરંતુ કમ્યુનિટી સિસ્ટમને સામાજિક સ્થિતિઓને સુદૃઢ બનાવવાના કોઈ જ કારગર ઉપાયો જડતા નથી. અત્યારે ઈચ્છા હોવા છતાં સગાઓ સગાની પાસે ઊભા રહી શકતા નથી ત્યારે સ્વયં ચેતનાથી જ આગળ વધવું આવશ્યક બની ચૂક્યું છે. મારું પોતાનું આકાશ મારા પોતાના પગલાં મારા પોતાના વિચારો મારો પોતાનો મનનો ઓરડો આ બધી જગ્યાએ પહોંચવાનું આ તો એક નિમિત્ત બન્યો છે કોરોના.

ઘણીવાર આપણે એવી બૂમો પાડતા હોઈએ છીએ અને જે સાચી પણ છે કે આપણે આપણી માટે કશું કરી શકતા નથી. આપણે આપણો અવાજ અનુસરી શકતા નથી આપણે આપણું અસ્તિત્વ ઉજવી શકતા નથી.તો પછીલ્યો અવસર આવી ગયો છે. આપણે આપણી માટે, આપણા વિચારોને આપણી માનસિક સ્થિતિને એટલી હદે મજબુત બનાવીએ કે જેથી કરીને કોઈ કોરોના આપણને પાંગળા ન બનાવી શકે.

કવિએ આ કવિતામાં જે શબ્દો વાપરે છે તે વાંચીને મજા પડી જાય છે કોળાવી દે, કલ્લોલાવે, અમિયલ દૃષ્ટિ .....આ બધા શબ્દો વાંચ્યા ત્યારે ધ્યાનમાં આવે કે આપણી ગુજરાતી ભાષા કેટલી સમૃદ્ધ છે અને આપણે ઘણી વખત વારંવાર એકના એક શબ્દો વાપરીએ છીએ. પરંતુ વાસ્તવમાં આપણી ભાષા પાસે પુષ્કળ નાવીન્યસભર શબ્દોની ભરમાર છે. ખેર આ સમયે કે જ્યારે આપણે સમાજમાં હોવા છતાં પણ એકલા છીએ. પરિવારમાં હોવા છતાં પણ વિભક્ત છીએ. ત્યારે આપણે બધી જ ફરિયાદને શમાવવાનો સમય થઈ ગયો છે. જે ફરિયાદો આ કવિતામાં કવિએ કરી છે મારા પંડનો પડછાયો, પંડના પડછાયાની ખબર આપણે ભાગ્યેજ લેતા હતા. આપણામાં જેમાહ્યલો છે એની ખબર કાઢવાનો સમય આપણને મળ્યો છે.

આપણે હંમેશા બૂમો પાડતા આવ્યા છીએ કે બચપણ ગયું એટલે વિસ્મય પણ ગયું, પણ ખરું તો એ છે કે વિસ્મયને માત્ર બચપણ સાથે નિસ્બત નથી જ નથી. વિસ્મય તો તમારું, મારું સૌનું હર હંમેશ આપણી પાસે જ હોય છે. અવનવી ઘટનાઓમાં હોય છે, અવનવા પ્રસંગોમાં હોય છે. સવારના સૂર્યોદયમાં હોય છે અને સાંજના સૂર્યાસ્તમાં હોય છે. પક્ષીઓના કલરવમાં હોય છે. ખિસકોલીની ચડ-ઉતરમાં હોય છે. ગલુડિયાની દોડાદોડીમાં હોય છે. કાબરની કિલકારીઓમાં હોય છે. સાંજે આકાશમાં રચાતા વાદળોના કેનવાસ પર હોય છે. આ બધા વિસ્મય શું માત્ર બચપણમાં જ દેખાતા હોય છે ? આ બધું તો જીવનભર આપણી આસપાસ હોય છે. હા એમ કહો કે બચપણમાં તમે આ વિષયોને માણી શકતા હતા. આજ ચિત્રોને આ ઘટનાઓને વિસ્મય ગણી શકતા હતા ત્યારબાદ આપણે આપણા રૂટિનમાં એવાતો અટવાયા કે આ બધી વિસ્મયકારી પળોને આપણે માત્ર રૂટીન બનાવી દીધું. સવારે ઉઠીને બ્રશ કરવું જેમ ફરજિયાત છે તેમ સૂર્યને અર્ઘ્યઅર્પવો ફરજિયાત બની ગયો.અર્ઘ્ય અર્પતી વખતે તે સૂર્ય પાસેથી ઊર્જામાં લેતી વખતે એ સૂર્યના કિરણો જળની સપાટી અને જળ વચ્ચેની પારજાંબલી કિરણો આપણા શરીર સુધી પહોંચે છે એ અનુભવવાને બદલે માત્ર એક કળશ સૂર્યને ચડાવી દેવાની આપણે વિધિ બનાવી દીધી. સવારે પક્ષીને ચણ નાખવા જવાની આદત વિસ્મય છે પણ એ વિસ્મયને પણ આપણે માત્ર બે મિનિટનું રોજિંદુ કાર્ય બનાવી દીધું.

દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે ની અંદર અમરીશ પુરીપંજાબના કોઈ ખેતરમાં પોતાના કબૂતરોને ચણ નાખતો હોય અને પાછળ શાહરુખ ખાન જેમતેમ ધોતિયું પહેરીને એની જેમ ચણ નાખવાની ક્રિયા પિક્ચર માં કેટલી બધી મહત્ત્વપૂર્ણ છે ! ત્રણ કલાકના પિક્ચરમાં બે વખત ચણ નાખવાની આવાત એ સીનને આદીત્ય ચોપરાએ કેવો સરસ ઝીલ્યો છે ! આપણા જીવનમાં તો આ ક્રિયા રોજ બને છે કબૂતરોનું ઘૂ ઘૂ. સાંભળતા સાંભળતા અને રોજ એક જેવા કબૂતરો આવતા હોય તેમાં એકાદ દિવસ કોઈ કાબરચીતરાં કબૂતર જોઈને આંખોમાં કેમ વિસ્મય નથી ચાલતું! ખરેખર તો આજે પક્ષીઓ પાસે અને કુદરત પાસે જવાનો સમય આવ્યો છે. કારણ કે માણસ વગર જીવતા આ કુદરત આપણને ક્યારેય કોરોનાવાયરસ ભેટમાં નથી આપવાનો. માણસને માણસથી ચેતવાનું છે પશુ-પંખી વનસ્પતિની નજીક જવાથી માણસ પોતે ચોખ્ખો જ બનવાનો છે મનથી અને શરીરથી બંને રીતે.

સ્વયં સાથે સંવાદ કરવાનો ઉત્તમ સમય છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

# વાત વિમેન એમ્પાવરમેન્ટના એક અદભુત કેસ સ્ટડીની...




પ્રબુધ વાંચકોના હૃદયમાં જેનું અદકેરું સ્થાન છે એવા અમેરિકન ચિંતક નેપોલિયન હિલનું એક સરસ ચિંતન છે કે, જે બીજાની સફળતામાં યોગદાન આપે છે એ ઝડપથી સફળ થતા હોય છે. આ સનાતન ચિંતન પાપડ પેલીને પરિવારને ઉંચુ લાવનારી લિજ્જત બહેનોના કિસ્સામાં બિલકુલ ફીટ બેસે છે. યાદ છે, ઘણીવાર લોકો કહેતા હોય છે કે, આ કક્ષાએ પહોંચતા ઘણા પાપડ પેલવા પડ્યા છે ! કદાચ લિજ્જત બહેનોના પરિશ્રમ ઉપરથી જ આ મુહાવરો બન્યો હશે એમ લાગે છે.

તાજેતરમાં આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બનાસકાંઠાના આંગણે પશુપાલક બહેનો સાથે સંવાદ કર્યો ત્યારે





ગુજરાતની નારી શક્તિની દેશ અને દુનિયાને ફરી એકવાર સુપેરે પહેચાન થઈ. વડાપ્રધાનશ્રીના બનાસકાંઠાના કાર્યક્રમ વેળા યાદ આવી ગઈ લિજ્જત બહેનોએ કરેલી કમાલની. મહિલા સશક્તિકરણ માટેનું જગતભરમાં કોઈ જ્વલંત ઉદાહરણ હોય તો એ લિજ્જત બહેનોનું છે. લિજ્જત બહેનોના એમ્પાયરની વાત કોઈ ફેરી ટેલથી કમ નથી. વર્ષ ૧૯૬૯ની વાત છે. મુંબઈના એક મહોલ્લાની સાતેક હાઉસ વાઈફે વિચાર્યું કે, બપોરે લંચ ટાઈમ સચવાઈ જાય પછી એવું કોઈ કામ કરીએ કે, જેમાંથી પૈસા મળે અને સમયનો સદઉપયોગ પણ થાય. વળી, જે કોઈપણ કામ કરીએ એ બપોરે બાર-એક વાગ્યા પછી શરૂ કરીએ એમ આ બહેનોએ વિચાર્યું. એમણે તે જમાનામાં છગન બાપાથી હુલામણા ઓળખાતા છગનલાલ પાસેથી ૮૦ રૂપિયાની લોન લઈ એક એપાર્ટમેન્ટના ધાબા ઉપર પાપડનો લોટ બાંધીને પાપડ વણવાનું કામ શરૂ કર્યું.

કોને ખબર હતી કે, માર્ચ તારીખ ૧૫, ૧૯૫૯નો એ યાદગાર દિવસ વિમેન એમ્પાવરમેન્ટ માટેનું પાવરહાઉસ બનવાનો પાયાનો પથ્થર બનવાનો હતો ! સાઉથ મુંબઈના એક એપાર્ટમેન્ટના ધાબે સાત બહેનોએ પાપડ વણવાની શરૂ કરેલી યાત્રામાં ત્રણ મહિનામાં તો ૨૫ જેટલી બહેનો જોડાઈ. પહેલા વર્ષે આ બહેનોએ રૂ. ૬૧૯૬નો વકરો કર્યો. એમની આ પ્રવૃત્તિથી બીજી બહેનો પણ આકર્ષાઈ. બીજા વર્ષે દોઢસો જેટલી બહેનો પાપડ વણવા માટે આગળ આવી. ત્રીજા વર્ષે ૩૦૦ જેટલી બહેનો થઈ ગઈ.

હવે આટલી મોટી સંખ્યામાં કોઈ એપાર્ટમેન્ટના ધાબે સાથે બેસીને પાપડ વણવાનું સંભવ ન હતું, એટલે જેમ જરૂરિયાત નવતર માર્ગો આપોઆપ સુજાડે એમ આ બહેનોએ સરસ રસ્તો કાઢ્યો. જે બહેનો પાપડ વણવા ઈચ્છતી હતી એમને ઘરે પાપડ વણવા માટે લોટ તોલીને આપવાનું શરૂ કર્યું. ત્રણેક વર્ષ સુધી પાપડ વણવાનું કામ ૩૦૦ જેટલી બહેનોએ કર્યા બાદ એમના પાપડની માર્કેટમાં ઠીક ઠીક ડિમાન્ડ ઊભી થવા લાગી હતી. હવે આ પ્રગતિશીલ બહેનોએ વિચાર્યું કે, આપણા પાપડનું એક નામ આપવુ જોઈએ. જો કે એ પણ એટલું જ સાચુ છે કે, એ વખતે આ બહોનોને બ્રાન્ડ ઈમેજ કે બ્રાન્ડ નેઈમ કન્સેપ્ટનો કોઈ અંદાજ પણ ન હતો.

પાપડનું નામ નક્કી કરવા માટે એમણે એક સ્પર્ધા યોજી. સ્પર્ધામાં ઘણા નામો સૂચવાયા. એમાંથી 'લિજ્જત' નામ બધાને ગમ્યું. અને પછી આરંભાઈ વિમેન એમ્પાવરમેન્ટના દિવાદાંડી સમી લિજ્જત પાપડની આંખો પહોળી થઈ જાય એવી મહાયાત્રાની. લિજ્જત એટલે સ્વાદિષ્ટ. ગીરાબહેને નામ માટેની આ સ્પર્ધા જીતી. એટલે એક અર્થમાં લિજ્જત પાડની 'ફોઈ બા' ગીરાબહેન કહેવાય. ગીરાબહેનને સ્પર્ધામાં પ્રથમ આવવા બદલ પાંચ રૂપિયાનું ઈનામ પણ આપવામાં આવ્યું હતું.

લિજ્જતે બહેનોને જબરજસ્ત ઈજ્જત આપી છે. છગનબાપા પાસેથી રૂ. ૮૦ લોનથી શરુ કરેલા પાપડ વણવાના આ ગૃહ ઉદ્યોગમાં આજે ૪૫,૦૦૦ ઉપરાંત બહેનો કામ કરી રહી છે. નેવુના દશક સુધીમાં લિજ્જતે યુએસ, યુકે, થાઈલેન્ડ, સિંગાપુર સહિત ૨૫ જેટલા દેશમાં પાપડ એક્સપોર્ટ કરવા માંડ્યા. લિજ્જત ભારતમાં ૮૨થી વધુ ઓથોરાઈઝડ શાખાઓ છે.

દેશ-વિદેશના કોર્પોરેટસ જાયંટસ લિજ્જતની સકસેસ સ્ટોરીને કેસ સ્ટડી સ્વરૂપે એમની કંપનીના ટોપ ઓફિશિયલ્સને મોટિવેટ કરવા સમજાવી રહ્યાં છે. લિજ્જતની ઓથોરાઝ્ડ બ્રાન્ચ ઉપર રોજ સવારે લિજ્જત બહેનોને બસમાં લાવીને એમણે વણેલા પાપડ 'ડિપોઝિટ વિન્ડો' ઉપર જમા કરાવી બાજુની 'પેમેન્ટ વિન્ડો' ઉપરથી વણેલા પાપડના હિસાબ મુજબ વળતર આપી દેવામાં આવે છે. છેલ્લે 'કલેક્શન વિન્ડો' ઉપરથી એ દિવસે વણવા માટે પાપડનો લોટ આપવામાં આવે છે. છે ને જોદરાર મેનેજમેન્ટની મિસાલ ! ન પૈસા મેળવવામાં કોઈ વાર, ન રૉ-મટિરિયલ પ્રાપ્ત કરવાની કોઈ ઝંઝટ. ફટાફટ કામ થાય અને સટાસટ એના પૈસા મળે. લિજ્જત ઈન્ડસ્ટ્રીની બીજી એક મજેદાર વાત એ પણ છે કે, એનો કોઈ માલિક નથી. એમાં કામ કરનારી પ્રત્યેક 'લિજ્જત સિસ્ટર' એની માલિક છે. દરેક બહેનને હૃદયથી ફિલ થાય છે કે, આ કંપની મારી છે અને મારે એને આગળ ધપાવવાની છે. આજના આધુનિક યુગમાં મશિનોની બોલબાલા છે અને હજાર વ્યક્તિનું દિવસોનું કામ એક મશીન કલાકોમાં કરી શકે છે એવા સમયમાં લિજ્જત બેહનો આજની તારીખમાં પણ હાથથી જ પાપડ વણે છે. એટલું જ નહીં પણ તમામ ૮૨ ઓથોરાઈઝડ બ્રાન્ચમાંથી વિતરીત થતાં પાપડના લોટનો સ્વાદ અને સાઈઝ એક સમાન રહે તે માટેનું માઈક્રો મેનેજમેન્ટ આ બહેનો સરસ રીતે કરે છે.

કોર્પોરેટ જાયંટસને લિજ્જતની એક વાત સૌથી વધુ અસર એ કરી જાય છે કે, લિજ્જત મેનેજમેન્ટ પ્રોફિટ એક હાથમાં નથી રાખતું તાત્કાલિક પ્રતિદિન રળવામાં આવેલા નાણા લિજ્જત બહેનોને વહેંચી દેવામાં આવે છે. કેપિટલ ગ્રોથ કરતા કોમ્યુનિટી ગ્રોથ ઉપર એમનું ફોક્સ ગજબનું છે. પ્રોફિટ કરતા પરપઝને જ્યારે મહત્ત્વ મળે ત્યારે કામમાં અનેરો ઉઠાવ આવી જતો હોય છે. એ વાત નિર્વિવાદ છે કે, મશીનયુગમાં મેન પાવરથી ચાલતી લિજ્જત ઈન્ડસ્ટ્રીઝ આગામી સમયમાં કેટલું ટકી શકશે ? પરંતુ મોટી વાત એ પણ છે કે, ભારત દેશ સંસ્કાર અને સંસ્કૃતિનો દેશ છે. આ દેશની માટીમાં અનોખી તાકાત છે. દેશના સૌ કોઈ બાંધવોએ મનોમન નક્કી કરી લેવાનું રહે કે, બીજી કોઈપણ મશીન બ્રાન્ડના પાપડ લિજ્જતથી સસ્તા હોય અને આકર્ષક પેકિંગમાં હોય તો પણ લિજ્જત બહેનોની ઈજ્જત વધારવા આપણા ઘરમાં પાપડ હોય તો લિજ્જતના જ હોય.

વ્યક્તિ જ્યારે પોતાની બદલે સૌની સાથે આગળ વધવાનું વિચારે છે ત્યારે અવશ્ય ચમત્કારિક પરિણામો પ્રાપ્ત થતા હોય છે. હજારો લિજ્જત બહેનના પરિવારમાં તેમની દીકરા-દીકરી ઉચ્ચ અભ્યાસ કરી ડોક્ટર, એન્જિનીયર, વકીલ સીએ બની શકયા છે એની પાછળ સહિયારા પુરુષાર્થની પ્રબળ ભાવનાના પરિશ્રમનો પ્રસવેદ છે. હવે જ્યારે ભોજનની થાળીમાં પડેલા લિજ્જત પાપડનો ટૂકડો કરીને મોમાં મુકો ત્યારે ગર્વથી વિચારજો કે, 'પાપડના ટૂકડે ટૂકડે મારા દેશની બહેનોની ઈજ્જત હું વધારી રહ્યો છું.'

**ધબકાર :**

જ્યારે કોઈ કાર્યમાં એક નહીં અનેક જોડાય છે ત્યારે એ કાર્ય હકારાત્મક ઉર્જાનું કેન્દ્ર બની જતુ હોય છે.